# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય
## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

**<u>અખબારી યાદી</u>** **<u>તા. ૨૦-૨-૨૦૦૯</u>**

- **સરકારની નીતિમાં રાજ્યની જનતા માટે કોઈ ચિંતા નથી.**
- **ગુજરાત સરકારના ભ્રષ્ટાચારના કારણે રાજ્યની તિજોરી ઉપર રૂા. ૮૩,૨૧૨.૭૬ કરોડનું દેવું.**
- **તટસ્થ બંધારણીય સંસ્થા કેગના અહેવાલમાં લખાયેલ છે કે, સુજલામ્-સુફલામ્ યોજનામાં કરોડોનો ભ્રષ્ટાચાર થયો છે.**
- **વિદેશી કન્યાના હાથ સરકારના ગળા સુધી પહોંચી શકે છે, પરંતુ વિધવા બહેનના આંસુ સરકારની નજર સમક્ષ આવતા નથી.**

વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે રાજ્યપાલશ્રીના પ્રવચન પર પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે, રાજ્યપાલશ્રીનું પ્રવચન સરકાર તૈયાર કરીને આપતી હોય છે અને સરકારની નીતિઓનું પ્રતિબિંબ એટલે રાજ્યપાલશ્રીનું પ્રવચન. કમનસીબ બાબત તો એ છે કે, રાજ્ય સરકારે ગુજરાતની પ્રજાની મુશ્કેલીઓ અંગેની કોઈ જ ચિંતા કરી નથી. રાજ્યના રત્ન કલાકારો માટે કોઈપણ પ્રકારનું પેકેજ કે રાહતો આપવાનો અણસાર સુદ્ધા સરકાર તરફથી પ્રાજ્ઞ થયો નથી. રાજ્ય સરકારે વાયબ્રન્ટ ગુજરાતની મોટી મોટી વાતો કરી છે અને કરોડો રૂપિયાના એમ.ઓ.યુ.નો ઉલ્લેખ કર્યો છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે, ખરા અર્થમાં એમ.ઓ.યુ. માત્ર કાગળ ઉપર જ રહ્યા છે અને નક્કર કે નવા રોકાણો ગુજરાતમાં આવ્યા નથી. અને તેથી જ ગુજરાતની નાણાંકીય પરિસ્થિતિ તરફ નજર કરીએ તો તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ ગુજરાત ઉપર રૂા. ૮૩,૨૧૨.૭૬ કરોડનું દેવું છે અને આ દેવામાં છેલ્લા બે વર્ષના આંકડાઓ જોઈએ તો ૨૦૦૬-૦૭માં રૂા. ૫,૨૨૮.૧૫ કરોડનો વધારો થયો હતો. જ્યારે સને ૨૦૦૭-૦૮માં રૂા. ૬,૭૧૬.૭૬ કરોડનો વધારો થયો હતો. ગુજરાતમાં વેલ્યુ એડેડ ટેક્સ દેશના અન્ય રાજ્યો કરતાં વધારે છે અને આમ છતાં, રાજ્ય પરનું દેવું ઘટવાને બદલે વધી રહ્યું છે. તે જ બતાવે છે કે, ખરા અર્થમાં સરકાર વિકાસની દિશામાં વાયબ્રન્ટ નથી. વાયબ્રન્ટ ગુજરાતમાં યોજાયેલા ઉત્સવોના આંકડાઓ જોઈએ તો, સને ૨૦૦૩માં રૂા. ૬૬,૦૬૮ કરોડના ૭૬ એમ.ઓ.યુ.ની જાહેરાતો થઈ હતી. આજે પાંચ વર્ષ બાદ, માત્ર રૂા. ૨૭,૭૯૯ કરોડના પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા છે. સને ૨૦૦૫ની સાલના વાયબ્રન્ટમાં રૂા. ૧,૦૬,૧૬૦ કરોડના ૨૨૬ એમ.ઓ.યુ.ની જાહેરાત થઈ હતી, પરંતુ તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ માત્ર રૂા. ૧૭,૮૭૪ કરોડના પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા છે. સને ૨૦૦૭માં રૂા. ૪,૬૧,૮૩૫ કરોડના ૩૬૩ એમ.ઓ.યુ.ની જાહેરાત થઈ હતી, પરંતુ આજે માત્ર રૂા. ૪૭,૫૫૦ કરોડના પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા છે અને આ વાયબ્રન્ટ ઉત્સવો પાછળ સરકારી તિજોરી અને મિલ્કતોના કરોડો રૂપિયાના ખર્ચાઓ કરવામાં આવ્યા છે. સને ૨૦૦૯ના વાયબ્રન્ટ ઉત્સવ પાછળ હોર્ડિંગ અને જાહેરાતનો ખર્ચ રૂા. ૭,૩૯,૦૦,૦૦૦નો સરકારની તિજોરી પર પડેલો છે. વાયબ્રન્ટ ઉત્સવો વગર પણ ગુજરાતમાં ભૂતકાળમાં અનેક મૂડીરોકાણો આવ્યા છે અને ૧૯૯૨માં ઔદ્યોગિક મૂડીરોકાણમાં ગુજરાત દેશમાં પ્રથમ નંબર પર હતું.

કોઈપણ રાજ્યની ઔદ્યોગિક નીતિ તમામ ઉદ્યોગપતિઓ માટે સમાન હોય છે. પરંતુ આ રાજ્ય સરકાર જે ઉદ્યોગપતિઓ સાથે જેવો તોડ થાય તેવી તેના માટેની અલાયદી ઔદ્યોગિક નીતિ બનાવે છે અને તેથી રાજ્યની તિજોરી પર ભારણ આવે છે અને માત્ર માનીતા ઉદ્યોગપતિઓ પોતાને અનુકૂળ આવે તેવી ઔદ્યોગિક નીતિ કરાવી જાય છે. ટાટા નેનો કાર ગુજરાતમાં આવે તેનું જરૂર સ્વાગત હોય, પરંતુ ટાટાની નેનો

કાર માટે સ્પેશ્યલ ઔદ્યોગિક નીતિ બની છે અને તેમાં પ્લાન્ટના શીફ્ટીંગ સહિત પ્રથમ ફેઝનું મૂડીરોકાણ રૂા. ૨,૯૦૦ કરોડનું છે, તેની સામે ૩૩૦% વધારે લોન એટલે કે રૂા. ૯,૭૫૦ કરોડ રાજ્ય સરકાર આપવાની છે અને તેનું રી-પેમેન્ટ ૨૦ વર્ષ પછી ટાટાએ આપવાનું છે અને આ લોનનું વ્યાજ માત્ર ૦.૧% ટાટા તરફથી અપાશે. ૧૧૦૦ એકર રાજ્ય સરકારે સંપાદન કરેલી જમીન, ૧૦૦ એકર ટાઉનશીપની જમીન, ૨૨૦ કેવીએના સબસ્ટેશન, ૨ સોર્સમાં ડબલ સરકીટ વીજજોડાણ, ૧૪,૦૦૦ ક્યુબીક મીટર પાણી, ચાર ટ્રેકના બે રસ્તાઓ, આવી અનેક સુવિધાઓ ટાટાને અપાયા પછી ગુજરાતીઓને નોકરી આપવામાંથી ટાટાને મુક્તિ આપવાની રાજ્ય સરકારની નીતિ એ ગુજરાત માટે હાનિકારક સાબિત થશે. જો આ જ રીતનું પેકેજ હીરા ઉદ્યોગ કે અન્યને આપવામાં આવે તો અનેકગણી રોજી ગુજરાતીઓને પ્રાપ્ત થઈ શકે. ભૂતકાળમાં કોંગ્રેસની સરકારે સંતુલિત વિકાસની વાતને અગ્રતા આપીને સર્વ માટે સામાન્ય ઔદ્યોગિક નીતિ રાખી હતી. તેથી રિલાયન્સ અને એસ્સાર જેવી રિફાઈનરીઓ આવી. જનરલ મોટર્સ જેવી ઓટોમોબાઈલ્સ ઈન્ડસ્ટ્રી આવી. પીપાવાવ પ્રોજેક્ટથી માંડીને અનેક ઉદ્યોગો સ્થપાયા.

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સદંતર કથળી પડી છે અને ખૂન, લુંટ તથા ચોરીના બનાવોની સંખ્યા જોઈએ તો માત્ર એક વર્ષમાં સુરત, અમદાવાદ અને રાજકોટમાં ૩,૦૬૨ ગુનાઓ નોંધાયા છે.

રાજ્યના વહીવટીતંત્રમાં ખૂબ જ મોટાપાયે ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે. કમ્પ્ટ્રોલર ઓડીટર એન્ડ જનરલ ‘‘કેગ’’ના તાજેતરના અહેવાલમાં ભ્રષ્ટાચારના અનેક કિસ્સાઓ ઉજાગર થયા છે. સુજલામ્-સુફલામ્ યોજનામાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયાનું કેગ તરફથી પ્રકાશિત થયું છે. સુજલામ્-સુફલામ્માં ટેન્ડર કોન્ટ્રાક્ટરને સોંપવાને બદલે રૂા. ૩૯૬.૩૦ કરોડના ૧૦૨ કોન્ટ્રાક્ટ આપી દઈને ભ્રષ્ટાચાર થયાનું નોંધાયું છે. રૂા. ૬૬ કરોડના ખોદાયેલા હાર્ડ રોકનો કોઈ હિસાબ રખાયેલો નથી. યુનિટના દર ખોટા નિર્ધારિત થવાને કારણે રૂા. ૨૧ કરોડની ખોટી જવાબદારી ઉભી થઈ છે. રૂા. ૨૬૬.૪૭ કરોડના ખર્ચે બંધાયેલા પીયાજ-ધરોઈ પાઈપલાઈનમાંથી પમ્પીંગ કામગીરી શરૂ નહીં થવાથી કરોડો રૂપિયાની રકમ નિષ્ફળ ગઈ છે.

નર્મદા યોજના હાલ ૧૨૧.૯૨ મીટરે પહોંચી ચૂકી છે અને બાયપાસ ટનલ પણ ઉપલબ્ધ છે, માટે ગુજરાતના હિતમાં જેટલું જોઈએ તેટલું પાણી વાપરી શકાય તેમ છે. રાજ્ય સરકાર માઈનોર (પ્ર-શાખા) અને સબ માઈનોર(પ્ર.પ્ર શાખા)નું કામ પૂર્ણ કરતી નથી, અને તેને કારણે ખેડૂતોને નર્મદાના નીરનો લાભ મળી શકતો નથી. આ કામો પરિપૂર્ણ કરવા માટે કોઈની પણ મંજૂરીની જરૂર નથી કે કોઈ અડચણ પણ નથી. આમ છતાં, માઈનોર કેનાલના બાકી રહેલા કામોની લંબાઈ ૧૩,૪૬૦ કિ.મી.ની છે, જ્યારે સબ માઈનોરના બાકી રહેતા કામોની લંબાઈ ૩૮,૦૨૪ કિ.મી.ની છે. રાજ્ય સરકારના નિષ્ફળ વહીવટના કારણે માઈનોર કેનાલ માત્ર ૪,૯૪૭ કિ.મી.ની થઈ છે અને સબ માઈનોર કેનાલ માત્ર ૧૦,૦૩૪ કિ.મી.ની થયેલી છે અને તે પણ મોટાભાગે વર્તમાન સરકાર પહેલાંની સરકારે કરેલા કામના કારણે છે.

એક તરફ રાજ્ય સરકાર રત્ન કલાકારો માટે કોઈ પેકેજ આપતી નથી કે વિધવા બહેનોને કોઈ પેન્શન આપતી નથી. બીજી તરફ રાજ્યની તિજોરી વૈભવી રીતે મંત્રીમંડળના ખર્ચાઓ પાછળ ખુલ્લી મૂકી દેવામાં આવી છે. રાજ્ય સરકારના હેલિકોપ્ટરનો માત્ર એક વર્ષમાં રૂા. ૭૬,૦૦,૦૦૦નો ખર્ચ થયો છે. પ્રસિદ્ધિ અને અહમ્ના પોષણના સંમેલનો પાછળ કરોડો રૂપિયા ઉડાડવામાં આવે છે, પરંતુ ફિક્સ પગારથી કામ કરતા યુવાનો માટે સરકારને કોઈ જ ચિંતા નથી.

---

પ્રતિ,

તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિદ્ધ કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

**(જે. જે. રસાણીઆ)**

અંગત મદદનીશ